**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

તા.૨૧/૦૧/૨૦૧૬ ગુરૂવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૪૯/૧૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૬ કેસ કરી ૨૨ વ્યક્તિઓને ઝડપી ૭૦ લીટર દેશી દારૂ, ૧ બોટલ ઈંગ્લીશ દારૂ, ૩૭ ઈંગ્લીશ ક્વાર્ટર દારૂ અને ૧ સ્કૂટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૧ કેસ કરી ૧ વ્યક્તિને ઝડપી રૂપિયા ૩૨,૦૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૫૦/૧૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૩૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૯ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**અપહરણની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૫૧/૧૬**

**રામોલઃ** શિવાંગીબહેન નરેન્દ્રસિંગ રાજપુત (ઉ.વ.૧૫) (રહે.માધવપાર્ક સોસાયટી વિભાગ-૨ માધવ સ્કૂલની સામે વસ્ત્રાલ) ને તા.૧૭/૧/૧૬ સવારના ૧૧/૦૦ વાગ્યાના સુમારે રહેણાંક નજીક રહેતો આરોપી સુમિત પ્રેમચંદ્ર ચાવલા ઘર નજીકથી લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઈરાદે ભગાડી લઈ ગયો છે. આ અંગેની ફરીયાદ શિવાંગીબહેનના પિતા નરેન્દ્રસિંગ રાજપુતએ તા.૨૦/૧/૧૬ નારોજ રામોલ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ અંગેની તપાસ પો.ઇ.શ્રી એસ પી વસુનિયા ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૫૨/૧૬**

**વાડજઃ** મુકેશચંદ્ર અંબાલાલ ઠાકર (રહે.પાર્થ ટાવર ભીમજીપુરા પરષોત્તમનગર નવાવાડજ) એ વાડજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૦/૧/૧૬ બપોરના ૧૨/૦૦ થી બપોરના ૪/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના કિમત રૂપિયા ૪૫,૦૦૦/- અને રોકડ રૂપિયા ૨૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૭૦,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે બી બુબડીયા ચલાવે છે.

**વટવાઃ** પોપેરા શિવચંદ ઉપાધ્યાય (રહે.વિશાલાપાર્ક હરીઓમનગરની બાજુમાં ઘોડાસર) એ તા.૨૦/૧/૧૬ નારોજ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૩/૧/૧૬ સાંજના ૭/૦૦ થી તા.૧૫/૧/૧૬ બપોરના ૩/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના કિમત રૂપિયા ૧,૬૭,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એચ સી ઝાલા ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**<u>ત્યજી દીધેલ બાળક મળી આવવા બાબતઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૫૩/૧૬</u>**

**કાગડાપીઠઃ** તા.૨૦/૧/૧૬ બપોરના ૧/૦૦ વાગ્યા પહેલાના સમયે મહીપતરામ રૂપરામ આશ્રમની લોબીમાં રાખેલ પારણામા તાજુ જન્મેલ બાળક (બાબો) મુકી અજાણી વ્યક્તિ જતી રહેલ હોઈ આશ્રમના કાર્યકર્તાએ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવતા કાગડાપીઠ પોલીસે અજાણી વ્યક્તિ વિરૂધ્ધ ગુનો નોધી આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે એમ વાઘેલા ચલાવે છે.

**<u>દાઝી જતા મૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૫૪/૧૬</u>**

**ચાંદખેડાઃ** ગીતાબહેન રાજુભાઈ પટણી (ઉ.વ.૪૫)(રહે.જગનાળા તલાવડી આઈઓસી રોડ ચાંદખેડા) તા.૧૫/૧/૧૬ કલાક ૭/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ચા બનાવતા હતા ત્યારે પ્રાયમસની ઝાળ ગીતાબહેનના કપડાને લાગતા દાઝી ગયા હતા. સારવાર માટે સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં તા.૨૦/૧/૧૬ સાંજના ૫/૦૦ વાગે તેમનુ મૃત્યુ નિપજયું હતુ. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી,આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એચ બી ચાવડા ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)